# નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા કૃષિ પ્રચાર માટે ડાયલ આઉટ કોન્ફરન્સ ઈન્ફોર્મેશન ટેકનોલોજીનો શુભારંભ

નવસારી કૃષિ યુનિવર્સિટી અને રીલાયન્સ ફાઉન્ડેશનના સંયુક્ત પ્રયાસથી ખેડૂતોને ઘરબેઠા ખેતીમાં થયેલ નવીન સંશોધનો મળી રહે તેવા હેતુથી ડાયલ આઉટ કોન્ફરન્સ અને વોઈસ એસએમએસ સેવાનો પ્રારંભ માનનીય કુલપતિ ડૉ.સી.જે.ડાંગરીયાના વરદ હસ્તે કરવામાં આવ્યો. આ પ્રસંગે તેઓએ વાસણ તા.ગણદેવી ગામના ખેડૂતોને જૈવિક ખેતીનું માર્ગદર્શન આપી રાસાયણિક જંતુનાશક દવાઓના વપરાશની આડઅસર દૂર કરવા ખેડૂતોએ લીધેલ સંકલ્પને બીરદાવી ડાયલ આઉટ કોન્ફરન્સ અને વોઈસ એસએમએસ સેવા નવસારી જીલ્લામાં શરૂ કરવા બદલ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી અને રીલાયન્સ ફાઉન્ડેશનને અભિનંદન પાઠવ્યા હતા. ડૉ.સાબલપરા, સંશોધન નિયામકશ્રીએ ખેતીમાં જૈવિક ખાતર અને જૈવિક દવાઓના ઉપયોગ થકી રેસીડયુલ ફ્રી કૃષિ પેદાશ ઉત્પાદન કરવા કોન્ફરન્સમાં જોડાયેલ ખેડૂતોને આગ્રહ કર્યો હતો.

કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડા ડૉ.સી.કે.ટીંબડીયાએ જણાવ્યું કે આ પ્રકારની ડાયલ આઉટ કોન્ફરન્સથી મોબાઈલધારક ખેડૂત સમુહને તેઓના ઘરે જ રહી પોતાની ખેતી, પશુપાલન, મત્સ્યપાલન કે કૃષિ સંલગ્ન ચોકકસ માહિતી નિષ્ણાંતશ્રીઓ પાસેથી મેળવી શકાય. આ બાબતે રીલાયન્સ ફાઉન્ડેશનના આભાર સાથે જીલ્લાના ખેડૂતોને આ સેવા વિના મૂલ્યે મેળવવા કૃષિ વિજ્ઞાન કેન્દ્રનો સંપર્ક (૦૨૬૩૭ ૨૮૨૦૦૯/૮) કરવા અપીલ કરી.

સદર કાર્યક્રમને સફળ બનાવવા વિશેષજ્ઞ ડૉ. ઘેટીયા તથા ડૉ.રાખોલીયા, ડૉ.શાહ અને રીલાયન્સ ફાઉન્ડેશનની ટીમ સ્ટીવન અને રેનીશ ભરૂચવાલાએ સારી જહેમત ઉઠાવી હતી.




